# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
## પબ્લિસિટી વિભાગ
પહેલો માળ,સરદાર પટેલ ભવન,દાણાપીઠ,અમદાવાદ-૩૮૦૦૦૧,ફોન નં.૨૫૩૯૧૮૧૧-૫૫૫
E Mail : publicity.amc@gmail.com : ફેક્સ નંબર ૨૫૩૯૪૮૬૧


---

### પબ્લિસિટી ખાતું :

પ્રેસ પ્રસિધ્ધિને લગતી કામગીરી, મ્યુ.ડેસ્ક ડાયરી નું પ્રકાશન આ ખાતેથી થાય છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફ થી યોજાતા ઉદ્‌ઘાટન,શિલારોપણ,નાગરિક સન્માન,સાંસ્કૃતિક કાર્યક્રમ જેવા સમારંભોને લગતી કામગીરી આ ખાતું સંભાળે છે.

| અધિકારી/કર્મચારી નું નામ | ઓફિસ | મોબાઇલ/રહેઠાણ |
|---|---|---|
| મુકેશ ગઢવી<br>ડે.મ્યુનિસિપલ કમિશનર<br>(અપીલ અધિકારીશ્રી)<br>(પબ્લિસિટી) | ૨૫૩૮૧૮૧૧/૪૦૬<br>(દાણાપીઠ) | |
| શ્રી કિરણભાઇ વનાલીયા<br>આસિ.મેનેજર<br>(જાહેર માહિતી અધિકારીશ્રી) | ૨૫૩૮૧૮૧૧/૫૫૫<br>ફેક્સ નં-૨૫૩૯૪૮૬૧ | ૯૩૨૭૫૫૫૨૧૯ |

### પબ્લિસિટી વિભાગની કામગીરી:

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું મહત્વનું અને જીવંત કામગીરી ધરાવતું પબ્લિસિટી ખાતુ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોની જાહેરખબર સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરે છે.આ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મહત્વની ઘટનાઓ, મ્યુનિસિપલ હોદ્દેદારો દ્વારા થતી મહત્વની જાહેરાતો અને વિવિધ કાર્યક્રમોની માહિતી સભર પ્રેસનોટો પણ આ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવે છે.આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનરશ્રી સાથે દર અઠવાડિયે એક વાર પ્રેસ મીટીંગનું આયોજન કરી સ્થાનિક દૈનિક વર્તમાનપત્રના પત્રકારો અને કમિશનરશ્રી સાથે સીધી મુલાકાતનું આયોજન પબ્લિસિટી વિભાગ કરે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહત્વના પ્રોજેકટો, નાગરિક સેવાઓ અને રીક્રિએશનલ સ્થળોનું ભૂમિપૂજન, લોકાર્પણના કાર્યક્રમોનું આયોજન ની કામગીરી જેવી કે નિમંત્રણ કાર્ડ છપાવવા,ફોટોગ્રાફી/વિડિઓગ્રાફી, સ્ટેજ, સ્ટેજ ડેકોરેશન, કાર્યક્રમનું સંચાલન, સંકલન અને કાર્યક્રમની પૂર્ણાહુતી બાદ પ્રેસનોટની પ્રસિદ્ધિ પ્રેસ ફોટોગ્રાફ્સ સાથે આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોશન દ્વારા માહિતી સભર વિવિધ ફોટોગ્રાફ્સ અને વર્ષ દરમ્યાન યોજાયેલ વિવિધ કાર્યક્રમોની માહિતી સાથેના ફોટોગ્રાફ્સ વાળી આકર્ષક ડાયરીનું “મ્યુનિસિપલ ડેસ્ક ડાયરી” પ્રકાશન પણ આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુલાકાત આવતા દેશ વિદેશના પ્રતિનિધિ મંડળો સાથે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મહત્વની પ્રોજેકટ સાઈટ અને મીટીંગો દ્વારા પ્રેઝન્ટેશન માટે જે તે ખાતે સંકલન કરી કોર્પોરેશનની વિકાસ ગાથાની માહિતી આ પ્રતિનિધિ મંડળોને આપવામાં આવે છે, જેના દ્વારા આજે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મેળવી ચુક્યુ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્રમાં ઘટતી ઘટનાઓ, આકસ્મિક ઘટનાઓ કે કુદરતી હોનારતોની માહિતી  સ્થાનિક પત્રકારોને, ફોટોગ્રાફરોને સાચી માહિતીથી વાકેફ કરી સ્પષ્ટ ચિત્ર શહેરીજનો સમક્ષ રજુ કરવામાં અને કોર્પોરેશનની કામગીરીથી વાકેફ આ વિભાગ દ્વારા કરવામાં  આવે છે.

આમ,પબ્લિસિટી વિભાગ એ publicity,Event Management, protocol,Public Relation &Publication ની મહત્વની કામગીરી ધરાવતં ખાત છે.

## ડે.મ્યુનિસિપલ કમિશનર

### આસિ.મેનેજર

#### જુનિયર કલાર્ક - ૨ (પ્રેસ,ફંક્શન)

**પ્રેસ કટીંગ,પ્રેસ-મિડિયાને લગતી તમામ કામગીરી, ડાયરી લગતી કામગીરી તથા ફંક્શનને લગતી તમામ કામગીરી,** કાર્ડ વિતરણની કામગીરી **અને વહીવટી કામગીરી**

- પટાવાળા - ૨

#### સિનિયર કલાર્ક (એકાઉન્ટ)

##### જુનિયર કલાર્ક - ૨

પેમેન્ટની તમામ કામગીરી,ઈન્વર્ડ આઉટવર્ડ, RTI ,બીલ કલાર્કને લગતી તમામ કામગીરી, વહીવટી કામગીરી તથા સૂચવ્યા મુજબની કામગીરી

- પટાવાળા - ૧

#### સિનિયર કલાર્ક (જાહેર ખબર)

##### જુનિયર કલાર્ક -૧

અમદા.મ્યુનિ.કોર્પોરેશનના વિવિધ ખાતાઓ ની શોર્ટ ટેન્ડર નોટીસ,જાહેર ખબરો વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરાવવાની જેના બીલો આવે તેનું પેમેન્ટ કરવાની તથા સૂચવ્યા મુજબ ની કામગીરી